(૩૪)

અગત્યનું/સમયમર્યાદા

BOOK-POST

નં.મક/આવિ/રાજ/પ્રિ.શિ/ડિ.જી.પોર્ટલ/શાખા-૭/૨૦૨૦-૨૧/૯૪૪/૩૪
મદદનીશ કમિશ્નરઆદિજાતિ વિકાસની કચેરી
જિલ્લા સેવાસદન-૩,બ્લોક નં-૧,૧લો માળ,
સરકારી પ્રેસની બાજુમાં,
રાજકોટ ફોન નં. ૦૨૮૧-૨૪૭૮૩૭૫
તા.૧૪/૦૮/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, - અમરેલી
જિલ્લા શિક્ષણાધિકારી ની કચેરી
જુનાગઢ ... સુ.ના.પ્ર - અમરેલી-૩૬૫૬૦૧

વિષય:- ધો. ૯ થી ૧૦ માં અભ્યાસ કરતા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટે વર્ષ ૨૦૨૦-૨૧માં ઓનલાઇન શિષ્યવૃત્તિ / સાયકલની યોજનાનો ડીઝીટલ ગુજરાત પોર્ટલ (Digital Gujarat Portal) પર અમલ કરવા બાબત. (website:https://www.digitalgujarat.gov.in)

સંદર્ભ:- કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની કચેરી ગુ.રા.ગાંધીનગર ના પત્ર નં/આવિ/શિક્ષણ/ફા.નં૧૧૭૨/૨૦૨૦-૨૧/૬૦૨થી૬૧૯/ તા-૨૩/૦૭/૨૦૨૦.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, અનુ:જનજાતિ(ST)ના સરકાર માન્ય શાળાઓમાં ધોરણ ૯ થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ સહાયની રકમ સીધા તેઓના બેંક ખાતામાં (DBT)થી જમા થાય તે માટે રાજ્ય સરકાર ધ્વારા તે માટેનું સોફ્ટવેર (Digital Gujarat Portal) વર્ષ ૨૦૧૭-૧૮થી ડેવલોપ કરવામાં આવેલ છે. જે માટે શાળાના આચાર્યશ્રીઓ મારફતે ઓનલાઇન દરખાસ્ત મંગાવી અને e-kuber portal મારફતે NEFT ધ્વારા ઇ-પેમેન્ટ કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે પણ આદિજાતિ વિકાસ વિભાગ ખાતાની આ સાથેના સામેલ પત્રક મુજબની રાજ્યસરકાર / ભારત સરકારની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ સહાય તથા ધો-૯માં અભ્યાસ કરતી કન્યાઓ માટે સાયકલ સહાયની યોજનાઓનો અમલ પણ Digital Gujarat Portal પર કરવાનો થાય છે. વર્ષ ૨૦૨૦-૨૧ના શૈક્ષણિક વર્ષ માટે અનુ.જનજાતિના વિદ્યાર્થીઓના શિષ્યવૃત્તિ સહાય તથા ધો-૯ની કન્યાઓની સાયકલની દરખાસ્ત (વિદ્યાસાધના યોજના) ઓનલાઇન કરવા માટે તમામ આચાર્યશ્રીઓ પાસેથી દરખાસ્તો મંગાવવામાં આવે છે.

ર૦/૮/
૩૧/૮/૨૦૨૦
(૬૪)

Scanned with CamScanner

વર્ષ ૨૦૨૦-૨૧માં આ સાથેના પત્રક મુજબની યોજના ઓફલાઈન પત્રકોના આધારે મંજૂર કરવામાં આવશે નહી. જેની તમામ શાળાઓએ નોંધ લેવી.

શાળાઓને વર્ષ ૨૦૧૭-૧૮ થી સંમયાન્તરે ઓનલાઇન એન્ટ્રી કરી દરખાસ્તો કેવી રીતે બનાવવી જે અંગેની તાલીમ તથા પોર્ટલ પર થયેલ સામાન્ય સુધારા વધારાનું માર્ગદર્શન આપવામાં આવેલ છે.

તમામ શાળાના આચાર્યશ્રીઓએ યોજનાવાર વર્ષ ૨૦૨૦-૨૧ની દરખાસ્તો ઓનલાઇન બનાવી તેને ઓનલાઇન મોકલવાની રહેશે. ઓનલાઇન દરખાસ્તની આચાર્યશ્રીએ યોજનાવાર પ્રિન્ટ કાઢીને તેની કોપી શાળાના રેકર્ડ પર હાલમાં રાખવાની રહેશે.

- ધો-૯માં અભ્યાસ કરતી કન્યા માટે સાયકલ સહાય યોજના (વિદ્યા સાધના યોજના)

૧) ધો-૯માં અભ્યાસ કરતી અનુ.જનજાતિની સાયકલ સહાયની યોજનામાં ઓનલાઇન દરખાસ્ત કરતી વખતે પિતા/વાલીના આવકના દાખલાની નકલ તેમજ કન્યાના જાતિનો દાખલો પણ ".jpeg, jpg, pdf". ફોર્મેટમાં અપલોડ કરવાનો રહેશે.

૨) સાયકલની પ્રપોઝલ બની ગયા પછી દરેક આચાર્યશ્રીએ "Cycle Scheme" પર ક્લિક કરીને Tribal Development Department સબમેનુમાં જઇને "Proposal cycle detail"પર ક્લીક કરીને જે પ્રપોઝલ એડ કરવાની હોય તે પ્રપોઝલમાં રહેલ તમામ કન્યાઓના જાતિના દાખલા (સક્ષમ અધિકારીશ્રી ધ્વારા આપવામાં આવેલ) તથા પિતા/વાલીના આવકના દાખલા (સક્ષમ અધિકારીશ્રી ધ્વારા આપવામાં આવેલ) અપલોડ કરવાના રહેશે. (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અનુ.જન.જાતિ ના દાખલા તરિકે માન્ય રહેશે નહિ. જેની ખાસ નોંધ લેવી)

3) જાતિ / આવકના દાખલા અપલોડ કર્યા બાદ જ પ્રપોઝલ હાયર ઓથોરીટીને આગળ મોકલી (સેન્ડ કરી) શકાશે.

૪) કન્યાઓને આપેલ સાયકલની વિગતો જેવી કે, સાયકલનો ચેસીસ નંબર ક્યારે સાયકલ પુરી પાડવામાં આવી તેની વિગતો આચાર્યશ્રીઓએ નોંધ કરવાની રહેશે. તે રેકર્ડ ઓનલાઇન પોર્ટલ પર સમયસર અપડેટ કરવાનું રહેશે.

૫) આ માટે પોર્ટલ પર સાયકલ "Cycle Scheme" મેનુંમાં જઇને Tribal Development Department માં સબમેનુંમાં જઇને "Updated cycle detail" પર જઇને અપડેટ કરવાની રહેશે.

- ધો-૯, ૧૦માં અભ્યાસ કરતા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ કે જેઓના કુટુંબની ગત વર્ષની નાણાકીય સંયુક્ત આવક ૨.૫૦ લાખથી ઓછી છે. તેઓ માટે ભારત સરકારની પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ યોજનામાં (VKY-2) પર ઓનલાઇન કરવાની રહેશે. તે અંગેના આવકનો દાખલો સરકાર માન્ય સક્ષમ

Scanned with CamScanner

ઓથોરીટી ધ્વારા ઇસ્યુ કરવામાં આવેલ અપલોડ કરવાનો રહેશે. તથા જાતિનો દાખલો સરકારમાન્ય સક્ષમ ઓથોરીટી ધ્વારા ઇસ્યુ કરવામાં આવેલ જ અપલોડ કરવાનો રહેશે.

અગાઉ સાયકલ પ્રપોઝલમાં સમજાવ્યા મુજબ પ્રપોઝલ બનાવ્યા પછી પ્રપોઝલમાં સામેલ તમામ વિદ્યાર્થીઓના આવક તથા જાતિના દાખલા અપલોડ કરવાના રહેશે. ત્યાર બાદ જ પ્રપોઝલ હાયર ઓથોરીટીને મોકલી (સેન્ડ થઇ) શકશે.

- **<u>ખાસ સુચના</u> - વિદ્યાસાધના યોજના અંતર્ગત દરખાત હાર્ડકોપીમા અત્રેની કચેરીએ સમયમર્યાદામાં યોગ્ય ફાઈલ,શાળાના લેટરપેડ પર ફોરવર્ડીંગ, ઓનલાઈન કરેલ દરખાસ્તની નકલ, વિદ્યાર્થીનીનો સક્ષમ અધિકારીશ્રી દ્વારા ઇશ્યુ કરેલ પોતાનો જ અનુ.જનજાતિનો દાખલો, વાલીનો સક્ષમ અધિકારીશ્રી દ્વારા ઇશ્યુ કરેલ આવકનો દાખલો આચાર્યશ્રી તેમજ સંબંધિત કર્મચારીનો મોબાઈલ નં. તેમજ પત્ર વ્યવહાર માટે શાળાનું પુરૂ સરનામું આપવાનું રહેશે.**

- **<u>આ યોજનાઓનો લાભ માત્ર મુળ ગુજરાતનાં અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને જ મળવા પાત્ર છે. જેની ખાસ નોંધ લેવી.</u>**

- <u>ઓનલાઇન દરખાસ્ત કરતી વખતે શાળાઓએ ધ્યાનમાં રાખવા જેવી બાબતો</u>

૧) વર્ષ ૨૦૨૦-૨૧માં શિષ્યવૃત્તિ / ગણવેશ સહાય અને ધો-૯ની કન્યાઓની સાયકલની દરખાસ્ત Digital Gujarat Portal પર ઓનલાઇન કરવાની રહેશે.

૨) શાળાઓના અગાઉના ID Password છે તેના જ વડે login કરી ઓનલાઇન દરખાસ્ત બનાવવાની રહેશે. જે આચાર્યશ્રીને પોતાનો પાસવર્ડ યાદ ન હોય તેવી શાળાઓએ "Forget Password"નામના Optionનો ઉપયોગ કરી નવો પાસવર્ડ સેટ કરવાનો રહેશે.

3) જે શાળાઓ નવી છે. તેઓનો યુઝર આઇડી તેઓના શાળાનો DISE Code રહેશે. પાસવર્ડ By Default Abcd@123 રહેશે.

૪) જે કોઇ શાળાના વિદ્યાર્થીઓની ડેટા એન્ટ્રી કરતી વખતે એના રેકર્ડમાં **"No Data Found from SSA server"** જેવી એરર આવે તો આનો મતલબ SSA serverમાંથી ડેટા મળતો નથી જે મુજબ આવા સમયે સર્વપ્રથમ વિદ્યાર્થીનો ડેટા સર્વશિક્ષા અભિયાનના પોર્ટલમાં ચકાસવાનો રહેશે. અને જેને અપડેટ કરાવવાનો રહેશે ત્યાર બાદ જ આવા વિદ્યાર્થીઓની દરખાસ્ત Digital Gujarat Portal પર ઓનલાઇન થશે.

- બેંક એકાઉન્ટને લગતા મુદ્દાઓ

૧) જે વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ પોષ્ટ ઓફીસમાં હોય તે એકાઉન્ટને <u>Postal Payment Bankમાં કન્વર્ટ</u> કરવાના રહેશે.

Scanned with CamScanner

૨) જે વિદ્યાર્થીઓની ઉંમર ૧૦થી વધુ હોય તેવા વિદ્યાર્થીઓના આધાર નંબરને આધારે Postal Payment Bankમાં જીરો(0) બેલેન્સથી તાત્કાલીક ખાતુ ખોલાવી શકાતુ હોવાથી વિદ્યાર્થીઓના ખાતા ન ખુલી શકવાના કિસ્સામાં PPB બેંકમાં ખાતુ ખોલાવવાનું રહેશે.

3) શાળાના આચાર્યશ્રીએ ઓનલાઇન દરખાસ્ત કરતા પહેલા દરેક વિદ્યાર્થીના એકાઉન્ટ બંધ કે ડોરમેટ કે ફ્રિઝ થયેલ નથી તેની સ્થાનીક બેંકમાંથી ખાતરી મેળવ્યા બાદ જ દરખાસ્ત કરવાની રહેશે. અને સમગ્ર વર્ષ દરમિયાન ખાતુ બંધ ન થાય તે અંગેનું ધ્યાન વાલીઓને દોરવાનું રહેશે.

૪) વર્ષ ૨૦૨૦-૨૧માં પણ જો કોઇ વિદ્યાર્થીને ઓનલાઇન પેમેન્ટ કરતા ટ્રાન્ઝેક્શન ફેઇલ થાય તો આવા વિદ્યાર્થીઓની યાદી Digital Gujarat Portal પર શાળાના લોગીનમાં Utility મેનુંમાં જઇને Update Payment Failed Student Account મેનું પર કલીક કરવાથી જોઇ શકાશે. જેમાં બેંક તરફથી જે સંદેશ આવેલ હોય તે મુજબ વિદ્યાર્થીઓની સબંધિત બેંક એકાઉન્ટ ખાતાની બેંકનો સંપર્ક સાધી ફરીથી તે ખાતુ એક્ટીવ કરી ઓનલાઇન દરખાસ્ત મોકલી આપવાની રહેશે. જો વિદ્યાર્થીનો ખાતા નંબર ખોટો નખાઇ ગયેલ હોય તો Update bank Account (iF Account No/IFSC Codewrong) બટન પર કલીક કરી જે તે વિદ્યાર્થીઓની બેંકની વિગતો સુધારી ફરી જિલ્લામાં ઓનલાઇન મોકલવાની રહેશે.

<u>ખાસ નોંધ :-</u>

તમામ આચાર્યશ્રીઓએ તાજેતરમાં જે બેંકો મર્જ થઇ ગઇ હોય જેમ કે દેના બેંક અને વિજ્યા બેંક એ બેંક ઓફ બરોડા જેવી જ દેના ગુજરાત ગ્રામીણ બેંક એ બરોડા ગુજરાત ગ્રામીણ બેંકમાં મર્જ થઇ ગયેલ છે. આવા સંજોગોમાં જો બેંકના એકાઉન્ટ નંબર કે IFSC કોર્ડ કે બંને બદલાઇ ગયેલ હોય તો તે પોર્ટલ પર અપગ્રેડ કરવાના રહેશે.

- હાલમાં ચાલતા કોવીડ-૧૯ પેન્ડેમીક ને કારણે સરકારશ્રી ધ્વારા વખતો વખત સમયાંતરે પાડવામાં આવતી ગાઇડલાઇનનું ચુસ્તપણે અમલ કરી શિષ્યવૃત્તિની દરખાસ્ત બનાવવાની રહેશે.
- સરકારની કોવીડ-૧૯ પેન્ડેમીકને માટેની ગાઇડલાઇન મુજબ જ જરૂર પડે તો જ વાલીને બોલાવવાના રહેશે.
- વર્ષ ૨૦૨૦-૨૧ માટેની શિષ્યવૃત્ત/ગણવેશ સહાય તથા સાયકલ સહાય માટે કોવીડ-૧૯ને અનુલક્ષીને સરકાર ધ્વારા જે નિર્ણય લેવામાં આવશે તે આખરી અને માન્ય રહેશે.
- ધો-૯,૧૦માં વાર્ષિક આવક ૨.૫૦લાખથી ઓછી આવકવાળા વિદ્યાર્થીઓ માટેની પ્રિ-મેટ્રીક સ્કોલશીપ તથા ધો-૯ની કન્યાઓ માટેનો આવકનો દાખલો જો વર્ષ ૨૦૧૯-૨૦માં ત્રણવર્ષની મૃદત પુરી થયે ગયેલ હોય તો વધુ એક વર્ષ માટે એટલે કે વર્ષ ૨૦૨૦-૨૧ માટે માન્ય ગણાશે. તે માટે (નવો આવકમાં વધારો થયલ ન હોય તો) કઢાવવાનો રહેશે નહી.

Scanned with CamScanner

- કોઇ ટેકનીકલ ઇસ્યુ હોય તો ડીઝીટલ ગુજરાત પોર્ટલ પરની હેલ્પડેસ્ક નં.૧૮૦૦૨૩૩૫૫૦૦ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

❖ દરેક શાળાના આચાર્યશ્રીએ ખાસ ધ્યાન રાખવાનું કે વિદ્યાર્થીઓના પેમેન્ટનું (શિષ્યવૃત્તિની રકમનું) ચુકવણું RBIના ઇ-કુબેર પોર્ટલ ધ્વારા થાય છે. જો વિદ્યાર્થીનું એકાઉન્ટ ડોરમેન્ટ / બંધ કે ફ્રિઝ થયેલ હોય તો અથવા ખોટા IFSC કોડને કારણે ટ્રાન્ઝેકશન ફેઇલ થાય છે. આ ફેઇલ થયેલ ટ્રાન્ઝેકશનને કુલ ૯૦ દિવસની સાયકલમાં પુરૂ કરવાનું હોવાથી તે માટેની કાર્યવાહી સત્વરે પુરી કરવાની રહેશે. તેમજ આચાર્યશ્રી દ્વારા વિદ્યાર્થીઓની ડિજિટલ ગુજરાત પોર્ટલ ઓનલાઈન દરખાસ્ત કરતી વખતે એકાઉન્ટ બંધ/ફ્રીઝ થયેલ નથી તે અંગેની ચકાસણી કર્યા બાદ જ દરખાસ્ત કરવાની રહેશે.

Rathod k.k.

મદદનીશં કમિશ્નર(વર્ગ-૧)

આદિજાતિ વિકાસ રાજકોટ

બિડાણ :-

આદિજાતિ વિકાસ વિભાગની ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર સમાવેશ કરેલ યોજનાઓની વિગત દર્શાવતુ પત્રક

...........આપના તાબા હેઠળની તમામ સરકાર માન્ય તમામ સરકારી/અનુદાનિત/ખાનગી શાળાઓ પરિપત્રમાં જણાવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવામાં આવે અને જરૂરી સમયમર્યાદામાં કાર્યવાહી કરવા આપની કક્ષાએથી સૂચનાઓ આપવાની ખાસ વિનંતી.

પરિપત્ર નં :- ૬૬૧

ક્રમાંક:-યોજના/વિદ્યાસાધના/યોજના/૨૦૨૦-૨૧

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

અમરેલી

તા.૩૧/૮/૨૦૨૦

ઉપરોક્ત પરિપત્ર જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી

અમરેલી

પ્રતિ,

આચાર્યશ્રી,

આ જિલ્લાની માધ્યમિક શાળાઓ તમામ

જિ.અમરેલી

Scanned with CamScanner

// ઘણી માહિ. '

(96)

વર્ષ: ૨૦૨૦-૨૧માં Digital Gujarat Portal મારફત Online કરવાની થતી પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય/સાયકલ સહાય યોજનાઓની વિગત (પત્રક-અ)

કમિશ્નરશ્રી , આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર

| ક્રમ | યોજનાનુ નામ | જાતિ | ધોરણ | કુમાર કન્યા | શિષ્યવૃતિ દર (વાર્ષિક) | વાર્ષિક આવક મર્યાદા | શાળાઓની વિગતો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | VKY-153 VKY-1 PreMatric Scholarship For ST Student (Std: 1 to 8) | ST (અનુસૂચિત જનજાતિ) | ધો.૧ થી ૫ | કુમાર/ કન્યા | રૂ.૫૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી, ખાનગી અનુદાનીત સરકાર માન્ય તમામ પ્રાથમિક શાળાઓ- આશ્રમશાળાઓ |
| | | | ધો. ૬ થી ૮ | કુમાર | રૂ.૫૦૦/- | | |
| | | | ધો. ૬ થી ૮ | કન્યા | રૂ.૭૫૦/- | | |
| ૨ | VKY-153 VKY -1 Most Backward Class Scholarship For ST Students (Std: 1 to 8) | ST (માત્ર અનુસૂચિત જનજાતિ પૈકી અતિપછાત જાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | આવક મર્યાદા નથી | સરકારી, ખાનગી અનુદાનીત સરકાર માન્ય તમામ પ્રાથમિક શાળાઓ- આશ્રમશાળાઓ |
| 3 | VKY-159 VKY-1 Uniform Assistance | ST (અનુસૂચિત જન જાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૬૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી, ખાનગી અનુદાનીત સરકાર માન્ય તમામ પ્રાથમિક શાળાઓ - આશ્રમશાળાઓ |
| ૪ | VKY-153 VKY-1 PreMatric Scholarship For ST Student (Std: 9 to 10) | ST (અનુસૂચિત જનજાતિ) | ધો ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | ૨.૫૦ લાખથી વધુ આવક | સરકાર માન્ય તમામ સરકારી-ખાનગી શાળાઓ / અનુદાનિત માધ્યમિક શાળાઓ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ |
| ૫ | VKY-153 VKY-1 Most Backward Class Scholarship For ST Students (Std: 9 to 10) | ST (માત્ર અનુસૂચિત જનજાતિ પૈકી અતિપછાત જાતિ) | ધો ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૧૦૦૦ /- | ૨.૫૦ લાખથી વધુ આવક | સરકાર માન્ય તમામ સરકારી-ખાનગી શાળાઓ / અનુદાનિત માધ્યમિક શાળાઓ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ |
| ૬ | VKY-2 Umbrell scheme of pre matric scholarship for 9 & 10 th ST Student | ST (અનુસૂચિત જન જાતિ) | ધો ૯ અને ૧૦ | કુમાર/ કન્યા | હોસ્ટેલર - ૬૨૫૦ ડેસ્કોલર- 3000 | ૨.૫૦ લાખથી ઓછી આવક | સરકાર માન્ય તમામ સરકારી, ખાનગી અનુદાનીત માધ્યમિક શાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ |

Scanned with CamScanner

Scanned with CamScanner

અન્ય સૂચનાઓ:

- વિદ્યાર્થી મૂળ ગુજરાતના અનુસુચિત જનજાતિનાં હોવા જોઇએ. અન્ય રાજ્યના વિદ્યાર્થીઓએ તેઓના રાજ્યમાંથી શિષ્યવૃતિ યોજનાનો લાભ લેવાનો રહે છે.
- ઉક્ત શિષ્યવૃતિ યોજનાઓ પૈકી વિદ્યાર્થીને જે યોજનામાં વધારે સહાય મળતી હોય તેવી યોજનાઓમાં સમાવવાના રહેશે.
- તમામ વિદ્યાર્થી ગત વર્ષની પરીક્ષામાં નિયમોનુસાર પાસ થયેલ હોવા જોઇએ અને નિયમિત વિદ્યાર્થીઓની જ દરખાસ્ત કરવાની રહેશે.
- અમાન્ય શાળાઓએ શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવી નહી અને તેમ છતાં જો શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવામાં આવશે તો જે તે શાળા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.
- સદરહું શિષ્યવૃતિનો લાભ મેળવનાર વિદ્યાર્થીને અન્ય યોજના હેઠળ શિષ્યવૃતિ મળવાપાત્ર નથી.
- ધોરણ: ૯-૧૦માં ૨.૫૦ લાખથી ઓછી આવક ધરવતી યોજના વીકેવાય-૨ માટે આધાર કાર્ડ હોવું ફરજિયાત છે. તથા આવકનો તથા જાતિનો દાખલો સ્કેન કરી પોર્ટલ પર અપલોડ કરવનું રહેશે.
- ઉક્ત તમામ શરતો માર્ગદર્શન પુરતી છે. આખરી અર્થ ઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે.

Scanned with CamScanner

Scanned with CamScanner

નોંધ:-

- જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Payment Transaction Fail થયેલ હતા તેવા શાળાના તમામ વિદ્યાર્થીઓને જે તે બેંકનો સંપર્ક કરાવી વિદ્યાર્થી/પિતા-વાલીનુ ખાતુ એક્ટીવ રહે તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે. જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Epayment થયેલ હતા તેવા વિદ્યાર્થીઓના ખાતા પણ ફ્રીઝ/ડોરમેન્ટ/બંધ થઇ ગયેલ નથી તેની પણ ખાતરી કરવા વિદ્યાર્થીઓ સાથે સંકલન કરી કામગીરી કરવાની રહેશે.
- સૌ પ્રથમ તો જે તે વિદ્યાર્થીઓના બેંક ખાતા ખોલાવીને Students Entry કરવાની રહેશે. જો તમામ પ્રયત્નો પછી કોઇ વિદ્યાર્થીનું બેંક ખાતુ ખોલાવી શકાય તેમ ન હોય તો જ પિતા/વાલીના બેંક ખાતાની વિગત Student Entry કરતી વખતે નાખવાની રહેશે.
- પિતા/વાલીનું બેંક એકાઉન્ટ વધુમાં વધુ 3 (ત્રણ) વિદ્યાર્થીઓની એન્ટ્રીમાં નાખી શકાશે.
- જે વિદ્યાર્થીઓના પોસ્ટ ઓફીસમાં ખાતા હોય તે વિદ્યાર્થીઓના ખાતા ઇન્ડીયન પોસ્ટલ બેંકમાં તાત્કાલિક અસરથી ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે. જો વિદ્યાર્થીઓના ખાતા પોસ્ટલ બેંકમાં ખુલી શકે તેમ ન હોય તો તેવા વિદ્યાર્થીઓના તાત્કાલિક નવા બેંક ખાતા ખોલાવી વિદ્યાર્થીની એંટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે.
- જે વિદ્યાર્થીઓની ઉંમર ૧૦વર્ષ થી વધુ હોય તેવા વિદ્યાર્થીઓના આધારનંબર સાથે Postal Payment Bank માં "0" ઝીરો બેલેન્સથી તાત્કાલિક બેંક ખાતુ ખોલાવવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.
- કોવીડ – ૧૯ મહામારીને ધ્યાને રાખીને સરકારશ્રી દ્વારા સમયાંતરે બહાર પાડવામાં આવતી ગાઇડલાઇનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
- દરેક જિલ્લાઓએ તાલુકા લેવલ અથવા જિલ્લા લેવલનાં શાળાઓનાં આચાર્યનું વોટ્સએપ ગ્રુપ અથવા દરેક આચાર્યશ્રીઓના શાળાના અથવા આચાર્યશ્રીના ઇ-મેઇલ સાથે કોમ્યુનીકેશન કરવાનું રહેશે કોઇ પણ સંજોગોમાં આચાર્યશ્રીને રૂબરૂ બોલાવાના રહેશે નહી.
- આ માટેનો ડેટાબેઝ તૈયાર કરી જિલ્લા કક્ષાએ રાખવાનો રહેશે. જેથી માહિતીની આદાન પ્રદાન જલ્દી અને સરળતાથી થઇ શકે.
- કોવિડ-૧૯ મહામારીને ધ્યાનમાં રાખીને હાલમાં ઓફલાઇન દરખાસ્ત મંગાવાની રહેશે નહી. આચાર્યશ્રીએ તેના રેકોર્ડમાં રાખવાની રહેશે. જે અંગેની સૂચના પછી આપવામાં આવશે.
- તાજેતરમાં કેટલીક બેંકો મર્જ થયેલ છે. જેમકે દેના બેંક, વિજયા બેંકનું બેંક ઓફ બરોડા તથા દેના ગુજરાત ગ્રામીણ બેંકનું બરોડા ગુજરાત ગ્રામીણ બેંકમાં મર્જ થયેલ છે. જો તેમાં IFSC કોડ કે Bank account no. કે ફક્ત કોઇ પણ એક ચેન્જ થયેલ હોય તો તે અંગેનું ધ્યાન રાખવાનું રહેશે.

Scanned with CamScanner

Scanned with CamScanner